ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી તા. ૧૧-૦૭-૨૦૨૨

- **ભાજપા શાસકો પાસે જનતાના પ્રશ્નનો જવાબ કે ઉકેલ ન હોય અને તેના પ્રશ્નો-પીડા સાંભળવાની હિંમત ન હોય તેવા ડરપોક શાસકોએ ત્વરિત સત્તાનો ત્યાગ કરવો જોઈએ....મનહર પટેલ**

ભાજપા પ્રમુખ અંતે ગુજરાતની જનતાનો મિજાજ ઓળખી ગયા લાગે છે, એથીજ તેમનો નિર્ણય ભયથી ભરેલો છે.સત્તા પક્ષના સુપ્રિમો તેના આગેવાનોને સુચના આપે કે સીધો જનતા સાથે સંવાદનો કાર્યક્રમ ન કરવો એ મને લાગે છે ભાજપા પ્રમુખને લોકતંત્રમા ભરોસો નથી.

કર્મના સિધ્ધાંતો અહીયા કામ કરે છે....

જેવુ કરો તેવુ પામો....તળપદી ભાષામા કહી શકાય કે " ડુંગળી ખાધી હોય તેને ઈલાયચીના ઓડકાર ન આવે. "ભાજપા ગુજરાતના વડા તેના આગેવાનોને કહે છે કે " ચુંટણી આવી રહી છે કોઈપણ નેતા કે કાર્યકર્તાએ સીધો જનતા સાથેનો સંવાદનો કાર્યક્રમ થવાનો હોય ત્યા જવુ નહી અને સમાચાર માધ્યમોની ડીબેટ કે ચોપાલના કાર્યક્રમોમા પ્રજાની સામે તો બિલકુલ હાજર રહેવુ નહી." આટલો ગભરાટ કેમ ?

ભાજપા સરકારે ૨૭ વર્ષમા .... માફ કરજો ૨૦ વર્ષમા સૌના સાથ થકી સૌનો વિકાસ કર્યો છે અને સૌનો વિશ્વાસ મળ્યો તેમ છતાં ભાજપા પ્રમુખને જનતા વચ્ચે જવામા ભય કેમ લાગી રહ્યો છે ?

સત્તા મેળવવા જનતાના દરબાર જવાનુ છે, જનતા પાસે મત માંગવા માથુ ટેકવવુ છે તો જનતા સામે ચર્ચા કરવા કેમ નથી જવુ ?

ભાજપાના નેતાઓ ગળા ફાડી ફાડીને ભાષણમા કહે છે, સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસ આવા શબ્દો વારંવાર વાપરીને સત્તાની નાવ તો ચલાવી પરંતુ સિંદરીનો વળ છેડે....હવે તેનો ભાંડો ફુટયો છે , અને આનો જવાબ ભાજપા સરકારના નેતા કે તંત્ર પાસે નથી.

જે શાસકો પાસે જનતાના પ્રશ્નનો જવાબ કે ઉકેલ ન હોય અને તેના પ્રશ્નો-પીડા સાંભળવાની હિંમત ન હોય તેવા ડરપોક શાસકોએ ત્વરિત સત્તાનો ત્યાગ કરવો જોઈએ..

મનહર પટેલ

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ